

श्रीस्वामिनारायणो विजयतेतराम्

भक्तचिन्तामणिः

निष्कुलानन्दमुनिविरचितः



સામેરી- મંગળમૂર્તિ મહાપ્રભુ, શ્રી સહજાનંદ સુખરૂપ ।
ભક્તિ ધર્મ સુત શ્રીહરિ, સમરું સદાય અનુપ ॥૧॥
પરમ દયાળુ છો તમે, શ્રીકૃષ્ણ સર્વાધીશ ।
પ્રથમ તમને પ્રણમું, નામું વારમવાર હું શીષ ॥૨॥
અતિ સુંદર ગોલોક મધ્યે, અક્ષર એવું જેનું નામ છે ।
કોટિ સૂર્ય ચન્દ્ર અગ્નિ સમ, પ્રકાશક દિવ્ય ધામ છે ॥૩॥
અતિ શ્વેત સચ્ચિદાનન્દ, બ્રહ્મપુર અમૃત અપાર ।
પરમપદ આનન્દ બ્રહ્મ, ચિદાકાશ કહે નિર્ધાર ॥૪॥
એવા અક્ષરધામમાં તમે, રહો છો કૃષ્ણ કૃપાળ ।
પુરુષોત્તમ વાસુદેવ નારાયણ, પરમાત્મા પરમ દયાળ ॥૫॥
પરબ્રહ્મ બ્રહ્મ પરમેશ્વર, વિષ્ણુ ઈશ્વર વેદ કહે વળી ।
એહ આદિ અનંત નામે, સુંદર મૂર્તિ શ્યામળી ॥૬॥
ક્ષર અક્ષર પર સર્વજ્ઞ છો, સર્વકર્તા નિયંતા અંતર્યામી ।
સર્વકારણના કારણ નિર્ગુણ, સ્વયંપ્રકાશ સહુના સ્વામી ॥૭॥
સ્વતંત્ર બ્રહ્મરૂપ સદા, મુકત અનંતકોટિ ઉપાસે મળી ।
અનંત કોટિ બ્રહ્માંડની કરો, ઉત્પત્તિ સ્થિતિ ને લય વળી ॥૮॥
પ્રકૃતિ પુરુષ કાળ પ્રધાન, મહત્તાત્ત્વાદિક શકિત ઘણી ।
તેના પ્રેરક અનંતકોટિ, બ્રહ્માંડના તમે ધણી ॥૯॥

એવા શ્રીકૃષ્ણ કિશોર મૂર્તિ, કોટિ કંદર્પ દર્પ હરો ।
આપ ઇચ્છાએ અવતરી, યુગોયુગ જનનાં કારજ કરો ॥૧૦॥
પ્રથમ મૂર્તિ ધર્મથી, પ્રગટ્યા પૂરણ કામ ।
નરનારાયણ નાથજી, તમે રહ્યા બદ્રિકા ધામ ॥૧૧॥
ત્યાર પછી વસુદેવ દેવકીથી, પ્રગટ્યા મથુરામાંય ।
અનંત અસુર સંહારવા, કરવા નિજ સેવકની સહાય ॥૧૨॥
ત્યાર પછી વળી જગમાં, અધર્મ વાધ્યો અપાર ।
ભક્તિ ધર્મને પીડવા, અસુરે લીધા અવતાર ॥૧૩॥
સત્ય વાત ઉત્થાપવા, આપવા ઉપદેશ અવળા ।
એવા પાપી પ્રગટ થયા, ઘરોઘર ગુરુ સઘળા ॥૧૪॥
ભક્તિ ધર્મ ભય પામિયાં, રહ્યું નહિ રહેવા કોઈ ઠામ ।
ત્યારે તમે પ્રગટિયા, કોસલ દેશમાં ઘનશ્યામ ॥૧૫॥
નરનાટક ધરી નાથજી, વિચરો વસુધામાંય ।
અજ્ઞાની જે અભાગિયા, તે એ મર્મ ન સમજે કાંય ॥૧૬॥
સમર્થ છો તમે શ્રીહરિ, સર્વોપરી સર્વાધાર ।
મનુષ્ય તન મહાજ્ઞાનઘન, જન મન જીતનહાર ॥૧૭॥
મહાધીર ગંભીર ગરવા, દયાસિંધુ દોષ રહિત ।
કરુણાનિધિ કૃપાળુ કોમળ, શુભ શાન્તિગુણે સહિત ॥૧૮॥
ઉદાર પરઉપકારી અતિ, વળી સર્વના સુખધામ ।
દીનબંધુ દયાળુ દલના, પરમાર્થી પૂરણકામ ॥૧૯॥
જે જન તમને આશર્યા, હર્યા તેના ત્રિવિધ તાપ ।
કાળ કર્મ માયાથી મુકાવી, આપીયું સુખ અમાપ ॥૨૦॥
પીડે નહિ પંચ વિષય તેને, જે શરણ તમારું આવી ગ્રહે ।
કામ ક્રોધ લોભ મોહાદિ, અધર્મ ઉરમાં નવ રહે ॥૨૧॥
શૂન્યવાદી ને શુષ્કજ્ઞાની, નાસ્તિક કુંડ વામી વળી ।
એહના મતરૂપ અંધારું, તે તમારે તેજે ગયું ટળી ॥૨૨॥
ઇશ અજ અમરાદિ આપે, યોગી મન જીતે નહિ ।

તેહ તમારા પ્રતાપથી, નિજજન મન જીત્યા કહિ ॥૨૩॥
એવા સમર્થ શ્યામ તમે, બહુનામી બળ પ્રબળ છો ।
નરનાટયક જન મનરંજન, અજ્ઞાનીને અકળ છો ॥૨૪॥
નરતન માટે નાથજી, સ્વામી રામાનંદ સેવિયા ।
મહામંત્ર ત્યાં પામી પોતે, સદ્‌ગુરુના શિષ્ય થયા ॥૨૫॥
સહજાનંદ આનંદ કંદ, જગવંદ જેહનું નામ છે ।
સમરતાં અઘઓઘ નાશે, સંતને સુખધામ છે ॥૨૬॥
એવા નામને પામી આપે, અકળ આ અવનિ ફરો ।
દઈ દર્શન જનને, અનેક જીવનાં અઘ હરો ॥૨૭॥
એવા સમર્થ સ્વપ્રભુ, શ્રીહરિ શુદ્ધ બુદ્ધિ દીજીયે ।
નિજદાસ જાણી દીનબંધુ, કૃપાળુ કૃપા કીજીયે ॥૨૮॥
તવ ચરિત્ર ગાવા ચિત્તામાં, ઉમંગ રહે છે અતિ ।
શબ્દ સર્વે થાય સવળા, આપજ્યો એવી મતિ ॥૨૯॥
વળી સાચા સંતને હું, લળી લળી લાગું પાય ।
કરો કૃપા ગ્રંથ કરતાં, વિઘન કોઈ ન થાય ॥૩૦॥
હરિજન મન મગન થઈ, એવી આપજ્યો આશિષ ।
શ્રીહરિના ગુણ ગાતાં સુણતાં, હર્ષ વાધે હંમેશ ॥૩૧॥
સર્વે મળી સહાય કરજ્યો, મન ધારજ્યો મેર્ય અતિ ।
પ્રકરણ સર્વે એમ સુઝે, જેમ અર્કમાં અણુ ગતિ ॥૩૨॥
સંસ્કૃત પ્રાકૃત શબ્દે, ગ્રંથ કવિએ બહુ કર્યા ।
મનરંજન બુદ્ધિ મંજન, એવી રીતે અતિ ઓચર્યા ॥૩૩॥
ગદ્ય પદ્ય ને છંદ છપય, સાંભળતાં બુદ્ધિ ગળે ।
એવું જાણી આદર કરતાં, મન પોંચે નહિ પાછું વળે ॥૩૪॥
તેને તે હિંમત દીજીયે, લીજીયે હાથ હવે ગ્રહી ।
આદર કરું આ ગ્રંથનો, પ્રતાપ તમારો લઈ ॥૩૫॥
તમારા પ્રતાપ થકી, પાંગળો પર્વત ચડે ।
તમારા પ્રતાપ થકી, અંધને આંખ્યો જડે ॥૩૬॥

તમારા પ્રતાપ થકી, મુકો મુખે વેદ ભણે ।
તમારા પ્રતાપ થકી, રંક તે રાજા બણે ॥૩૭॥
એવો પ્રતાપ ઉર ધરી, આદરું છું આ ગ્રંથને ।
વિઘ્ન કોઈ વ્યાપે નહિ, સમરતાં સમર્થને ॥૩૮॥
હરિકથા હવે આદરું, સદ્‌મતિ શ્રોતા જે સાંભળે ।
શ્રવણે સુણતાં સુખ ઉપજે, તાપ તનના તે ટળે ॥૩૯॥
ભવ દુઃખહારી સુખકારી, સારી કથા આ અનુપ છે ।
પ્રગટ ઉપાસી જનને, સાંભળતાં સુખરૂપ છે ॥૪૦॥

ઇતિ શ્રીમદેકાન્તિકધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામિ શિષ્ય નિષ્કુળાનંદમુનિ વિરચિતે ભક્તચિંતામણી મધ્યે મંગળાચરણ કર્યું એ નામે પ્રથમનું પ્રકરણમ્ ॥ ૧ ॥